
## વડીલોને વંદન અભિનંદન



અમરબા છત્રસિંહ વાઘેલા (૧૯૫૨) મો. ૯૭૩૭૭૫૫૭૫૫



કે.ઓ.વ્યાસ (૧૯૩૮) ફોન: ૨૩૨૩૦૩૫૯

# ચિલોડાનું તળાવ ઉભરાતા ગ્રામજનો હર્ષઘેલા



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



## કાચા સોના જેવા વરસેલા વરસાદે સર્વત્ર ખુશીની લહેર ફેલાવી

ચિલોડા, તા.૨૪

ગાંધીનગરના પૂર્વીય પ્રવેશ દ્વાર સમા ચિલોડા ખાતે ગામનું તળાવ છેલ્લા બે દિવસના મકકમ વરસાદના કારણે ઉભરાઈ જતા ગ્રામજનોની ખુશીનો પાર રહ્યો નહોતો. આ વિશાળ તળાવ છલોછલ ભરાઈ જતા ગામ લોકો તેને જોવા પહોંચી ગયા હતા અને હરખથી ઝુમી ઉઠયા હતા.

છેલ્લા બે દિવસથી સમગ્ર જિલ્લામાં મેઘરાજાની અનરાધાર કૃપા વરસી રહી છે. ચોમાસુ હવે ખરેખર તેનો આગવો મિજાજ બનાવતું હોવાથી કાચા સોના જેવા વરસેલા વરસાદે સર્વત્ર ખુશીની લ્હેર ફેલાવી દીધી છે. ગાંધીનગર તાલુકાના પૂર્વીય વિસ્તાર ચિલોડા અને ડભોડા પંથકમાં પણ સારો વરસાદ થવાથી ખેડૂતો આનંદમાં આવી ગયા છે અને ખેતી કાર્યોમાં પૂર જોશથી જોતરાઈ ગયા છે. આવા સમયે ચિલોડા ગામનું તળાવ વરસાદી પાણીથી છલકાઈ જતા સમગ્ર પંથકમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. છલોછલ તળાવના કારણે આ વિસ્તારના ભૂતળમાં પાણીના સ્તર ઉંચા આવવાની આશા સેવાઈ રહી છે.જેથી માત્ર ચોમાસું જ નહી પરંતુ શિયાળુ પાકને પણ તેનો લાભ મળી શકે છે. ગ્રામ્ય સંસ્કૃતિમાં આજ કારણે તળાવનું અનોખું મહત્વ રહેલું છે. ચિલોડાનું આ તળાવ સંપૂર્ણપણે ભરાઈ જતા તેમજ ઓવરફલો થતા સરોવર જેવું સુંદર ભાસી રહ્યું છે. જેના કુદરતી સૌંદર્યને માણતા ગ્રામજનો ધરાતા નથી.


# હાસ્ય કલાકાર સાંઈરામ દવેએ કોલકાતામાં 'લવ યુ ગુજરાત' મલ્ટી મિડિયા શો કર્યો

ગાંધીનગર, તા.૨૪

જૈન સોશ્યલ ગૃપ ડાઉનટાઉનની રજત જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે ગુજરાતના હાસ્ય કલાકાર સાંઈરામ દવે દ્વારા 'લવ યુ ગુજરાત' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કોલકાતાના કલામંદિર ઓડિટોરિયમમાં જૈન સોશ્યલ ગૃપ દ્વારા રજત જયંતિ ઉજવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતના ખ્યાતનામ હાસ્ય કલાકાર સાંઈરામ દવેએ ગુજરાતની અસ્તિમતાને ઉજાગર કરતો લવ યુ ગુજરાત કાર્યક્રમ રજુ કર્યો હતો.

સાંઈરામ એ પરંપરાગત કાઠિયાવાડી ડ્રેસમાં સજ્જ થઈ મલ્ટી મિડિયા શૉનું સંચાલન કર્યું હતું ત્યારે સાંઈરામની સાથે તેમના ત્રીસ સાથી કલાકારોએ ભાતીગળ પહેરવેશ ધારણ કર્યો હતો.





સાંઈરામ દવેએ બંગાળના કવિવર રવિન્દ્રનાથ ટાગોરની ધરતી પર રાષ્ટ્રીય શાયર સ્વ. મેઘાણીજીના ગીતો લલકારી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમના દ્વારા લોક ડાયરાને હાઈટેક રૂપ આપવામાં આવ્યું હતું. અને રેપસોંગ 'માળા બેટા ગુજરાતી' રજુ કર્યું હતું.

માતૃભાષા અને ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવા માટે વર્લ્ડમાં સાંઈરામ દવે અને સાથી કલાકારો દ્વારા મલ્ટી મિડિયા શૉ કરવામાં આવનાર છે ત્યારે સાંઈરામ અને તેમની ટીમ ઉપર વરસાદની સાથે સાથે અભિનંદનનો પણ વરસાદ થઈ રહ્યો છે.

## આજે વૈજનાથ મહાદેવ મંદિરે રૂદ્રાભિષેક યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

રૂદ્રાભિષેક મંડળ, ગાંધીનગર અષાઢ માસની નવરાત્રી નિમિત્તે આજે શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે, સેક્ટર-૨૧ વૈજનાથ મહાદેવ મંદિર ખાતે રૂદ્રાભિષેક યોજવામાં આવશે. તેમજ સભ્યો લઘુરૂદ્રોની નોંધણી પણ કરાવી શકશે.

# રાજ્યમાં કાયદો-વ્યવસ્થા કથળી જતા પાલનપુર કોંગ્રેસ દ્વારા ધરણા યોજી ગૃહમંત્રીનું રાજીનામુ માંગ્યું

પાલનપુર, તા. ૨૪

પ્રજાએ ખોબલે ખોબલે મતો આપતાં ભાજપ સત્તા મળતા આમપ્રજાને ભુલી ગઈ છે. સમગ્ર ગુજરાતમાં કાયદો વ્યવસ્થા કથળી ગઈ છે. ઠેર-ઠેર લૂંટફાટ, હત્યાઓ, બળાત્કાર, જાહેરમાં દારૂનું વેચાણ થઈ રહ્યું છે. આજે મહિલા સલામત નથી, ગાંધીના ગુજરાતમાં પ્રજાની પ્રાથમિક જરૂરીયાતો નથી મળતી પણ દારૂ સસ્તો મળે છે. પોલીસતંત્ર આંખ આડા કાન કરી અસામાજીક તત્વોને છૂટો દોર આપે છે. ભાજપ સાશન ભય વગરનો ભ્રષ્ટાચાર વધી રહ્યો છે. ગુજરાત સમગ્ર દેશ ક્રાઈમમાં ત્રીજા ક્રમે છે. પ્રજા સાથે લોભામણી જાહેરાતો કરી છેતરપીંડી કરી છે. 'અચ્છે દિન આને વાલે' પણ હાલ પ્રજાની દયાજનક સ્થિતિ છે. ગરીબી, બેકારી, બેરોજગારી વધી રહી છે. કુદકે ને ભૂસકે મોંઘવારી વધી રહી છે. આમ પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. રાજ્યનાં ગૃહમંત્રી રજની પટેલ પોતાની નૈતિક જવાબદારી સ્વીકારી તાત્કાલીક રાજીનામું પાલનપુર શહેર કોંગ્રેસ અને જિલ્લા કોંગ્રેસ સમિતિએ ઉગ્ર આક્રોશ સાથે માંગણી કરી છે.

પાલનપુર શહેરના વિશ્રામગૃહ ખાતે આજે સવારે ૧૦.૦૦ કલાકે ધરણાં અને ભારે સૂત્રોચ્ચારનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. ગૃહમંત્રી રજની પટેલ હાય હાયના નારા સાથે 'હલ્લાબોલ'નો ભારે સૂત્રોચ્ચારથી સમગ્ર વાતાવરણ ભાજપ વિરોધનાં સૂત્રોથી ગુંજી ઉઠ્યું હતુ. આમ પ્રજાનો આક્રોશ પણ જોવા મળ્યો હતો. કાર્યક્રમના સ્થળે પ્રજા પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ભાજપના ગૃહમંત્રીના રાજીનામાની માંગના કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જાકીર ચૌહાણ, પ્રદેશ મંત્રી રાયમલજી સોલંકી, પાલનપુર શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ ચૌહાણ, પાલનપુર તાલુકા પ્રમુખ સોનજીભાઈ દેલવાડીયા, તા. પંચાયત વિરરોધ પક્ષના નેતા ઝહીર ચૌધરી, માઈનોરીટી ડિપાર્ટમેન્ટ બ.કા.ના પ્રમુખ ઈબ્રાહીમભાઈ સિન્ધી, જિલ્લા મંત્રી લલીત પરમાર અને મહામંત્રી સાજીદ મકરાણી, ઉપપ્રમુખ હરેશ પટેલ, મહામંત્રી ભરત પરમાર,, પાલનપુર શહેર યુવક કોંગ્રેસ પ્રમુખલલીત ગઢવી, મહામંત્રી અશોક પુરોહિત, એડવોકેટ ભેમજીભાઈ ચૌધરી, અશોક સારગાણી, મહેન્દ્ર પરમાર, ડાહ્યાભાઈ પરમાર તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ભાજપનો વિરોધ કાર્યક્રમમાં જોડાયા હતા.

## શબ્દાવલી - ૫૪૫૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ■ |
| ૬ | | | ■ | ૭ | | | ૮ |
| | ■ | ૯ | | | | | |
| ૧૦ | ૧૧ | | ■ | | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | ■ | ૧૪ | | | ■ |
| ■ | | ■ | ૧૫ | | ■ | ૧૬ | ૧૭ |
| ૧૮ | | ૧૯ | | ■ | ૨૦ | | |
| ૨૧ | | | | ■ | | ■ | |

### આડી ચાવી

૧. કન્યાને વિધિપૂર્વક પરણાવવી તે (૪)
૪. દુઃખ, અફસોસ (૨)
૬. મરણ કે જન્મની પાળવામાં આવતી આભડછેટ (૩)
૭. કોચ કે ગાડી હાંકનાર (૪)
૯. છીંકણી (૪)
૧૦. પવન, વાયરો (૩)
૧૨. વાયર (૨)
૧૩. 'કર'નું ઉંધુ - થાય (૨)
૧૪. શણીયું (૩)
૧૫. ખરાબ (૨)
૧૬. પુન્ય, સારું કર્મફળ (૨)
૧૮. વટેમાર્ગુ (૪)
૨૦. કમળ (૩)
૨૧. મતભેદ (૪)

### ઊભી ચાવી

૧. ગુનેગાર (૫)
૨. નાત, સમાજ (૨)
૩. ડૉક્ટર (૪)
૪. ઉડનાર પક્ષી-પંખી (૩)
૫. મેડીસીન, ઔષધી (૨)
૭. સુંદર અવાજવાળી (૫)
૮. નનૈયો, ના ભણવી તે (૩)
૧૧. હકલાવું તે, બોખલાહટ(૫)
૧૨. સિતાર જેવું એક વાદ્ય(૪)
૧૫. રાહ, રસ્તો (૩)
૧૭. બુરી... વાલે તેરા મુંહ કાલા (૩)
૧૮. રખ્યા (૨)
૧૯. ધરા, પૃથ્વી (૨)
૨૦. ચેન, શાંતિ (૨)

### શબ્દાવલી ૫૪૫૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) સલાખો (૪) વીઘા (૬) લાજ (૭) વારસાગત (૯) મવાલી (૧૧) સત (૧૨) તબલચી (૧૪) વિરાટ (૧૬) નજાકત (૧૮) ઠેલણગાડી (૨૧) કડા (૨૨) વૈતાલ (૨૪) ડીકુ (૨૫) ગરકાવ

**ઊભી ચાવી :-** (૧) સલામત (૨) લાજવાબ (૩) ચોરસ (૪) વીગ (૫) ઘાત (૮) સાતવિક (૧૦) લીલ (૧૩) ચીનગારી (૧૫) રાત (૧૭) જાડી (૧૮) ઠેકડી (૧૯) લડાકુ (૨૦) પાલવ (૨૨) વેર (૨૩) તાકા

## ઉઘડતે પડદે... ● બીજા પાનાનું ચાલુ

દેશભક્તિનું અતિપ્રસિદ્ધ થયેલું 'કર્મા'નું ગીત 'હર કરમ અપના કરેંગે અય વતન તેરે લિયે, દિલ દીયા હૈ જાન ભીં દેંઘે અય વતન તેરે લીયે' ઑડિયન્સને સાથે રાખી ગવડાવ્યું... પબ્લીક વચ્ચે વચ્ચે એમને 'નયન'ને યાદ કરાવતી હતી અને એમણે 'શેખાદમ આબુવાલા'ની 'નયનને બંધ રાખીને મેં જયારે તમને જોયાં છે, તમે છો એનાં કરતાં પણ વધારે તમને જોયાં છે' અને બરકત વિરાણીની રચના 'શાંત ઝરૂખે વાટ નિરખતી રૂપની રાણી જોઈ હતી, મેં એક શેહજાદી જોઈ હતી' બંને એવરગ્રીન રચના શ્રોતાઓને મનભરીને માણી...

'ઝાંબાઝ'નું ગીત 'હસ કીસી કો નહીં મિલતા યહાં પ્યાર જિંદગીમેં, ખુશ નસીબ હૈ જો જીસકો હૈ મિલી યે બહાર જીંદગી મેં' કોર્ડલેસ માઈકથી સમગ્ર ઓડિયન્સમાં ફરીને મનહર ઉદાસે એનાં ચાહકોને રાજીના રેડ કરી દીધા, અને છેલ્લી રચનામાં આદિલ મન્સુરી 'માનવ ના થઈ શક્યો તો એ ઈશ્વર બની ગયો' એનાં વાદ્યવૃંદનો પરિચય કરાવ્યો... ઢોલક પર ભરત, તબલાં - મુશરફખાં, ઑકટોપેડ - સત્યમ, વાયૉલિન - કમલેશ ઝાલા, ગિટાર - બલવંત મિસ્ત્રી, કિ-બોર્ડ - સુરેશ તાલે બધાં જ શ્રેષ્ઠ હતા. પણ તબલા વાદક મુશરફખાં કે જેમને 'ડૉન' નાં 'ખઈ કે પાન બનારસ વાલા' ગીતમાં અફલાતૂન તબલાં વગાડ્યાં છે એણે આખોય કાર્યક્રમ જીવંત બનાવી રાખ્યો હતો.

ગુજરાતી પ્રજાને ગુજરાતી ગઝલો અને ગીતો ગમતાં થયાં એનાં મૂળમાં મનહર ઉદાસ છે. એમનાં ભાઈ પંકજ ઉદાસ 'ચાંદી જૈસૈ રંગ હૈ તૈરા' અને નિર્મલ ઉદાસ બંને પ્રસિદ્ધ છે... એમનો અવાજ મુકેશ સાથે ખાસ્સો મળતો આવે છે એટલે એમનાં ગીતો મુકેશમાં ગવાઈ જાય છે... 'સા રે ગા મા પા' કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે એમને ઘણાં નવાં અવાજોનાં ગાયકોને શોધ્યાં છે... આ કાર્યક્રમની મજાની વાત એ રહી છે કે બધા ધારાસભ્યોએ ઉત્સાહથી તાળીઓથી સતત વધાવતાં રહ્યા... એમનો ગઝલ કંકોતરીની ફરમાઈશ જે અધુરી રહી એનાં એક શેર સાથે

● મનહરની મધુરી મહેફીલનું સમાપન....

કંઠસ્થ ગઝલો એમને મારી કરી તો છે
એને પસંદ છો હું નથી, શાયરી તો છે
વર્ષો પછી યે બેસતાં વરસે એ દોસ્તો
બીજું તો નથી એમની કંકોતરી તો છે!

## પાંચ દિવસના રિમાન્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દોષનો ટોપલો પોતાના માથે ન આવે એટલે વાળંદે પરિવારના સભ્યોની મદદ લઈ બીજા દિવસે મૃતદેહ સગેવગે કરવા મોડી રાત્રે દુકાન આવ્યો હતો અને મૃતદેહની ઓળખ ન થાય તે માટે મૃતક યુવકના શરીર પર હેરડાઈ ચોપડી તેને કારમાં નાખી નજીકના બુટાલ ગામે મૃતદેહને ગટરમાં નાંખી દીધો હતો. જે મૃતદેહ ધનસુરા પોલીસને મળતા તેણે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પરંતુ લાંબા સમય સુધી કોઈ ભાળ ન મળતા આ સમગ્ર કેસની તપાસ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમને આપવામાં આવી હતી અને સીઆઈડી ક્રાઈમના પી.આઈ. એન.જી. ચોપરાએ ટુંક જ સમયમાં આ મર્ડર મિસ્ટ્રીનો ભેદ ઉકેલી નાંખ્યો હતો અને મુખ્ય સૂત્રધાર એવા પરેશ વિરમભાઈ વાળંદની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યો હતો. જેમાં કોર્ટે આરોપીનાં પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. પોલીસે આ હત્યાના ગુનામાં મદદગારી કરનાર અન્ય ચાર શકમંદોની પણ પુછપરછ શરુ કરતા ટૂંક જ સમયમાં વધુ લોકોની મદદગારીમાં સંડોવણી હોવાનું બહાર આવશે.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદેશ અભ્યાસની લોનની સહાય યોજના અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૩-૧૪ માં અનુ. જાતિના ૧૧ વિદ્યાર્થીઓની અરજી મળી હતી જે પૈકી ૧૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

● અને છેલ્લે

કોંગીના શ્રી અમીત ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મારેરૂ યોજનાની મળેલ અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તમાં મંત્રીશ્રી વોરાએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં કુલ ૩૨૬ અરજી મળી છે. જે પૈકી ૩૦૦ અરજીઓ મંજૂર કરાઈ છે અને ૨૬ અરજીઓ નામંજૂર કરાઈ છે.

## યુવાનનું મૃત્યુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરથી પસાર થતી ટ્રેઈનની અડફેટે આવી ગયેલા યુવાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેનું -ાણ પંખેરું ઉડી ગયું હતું. તેના બંને હાથ કપાઈ ગયેલી હાલતમાં હતા. ગાંધીનગર સે-૭ પોલીસને ઘટનાની જાણ થતા ટીમ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી પોલીસે ગુનો દાખલ કર્યો છે. આ યુવાનની ઓળખ હજુ થઈ શકી નથી. તેની ઓળખ માટે પોલીસે દોડધામ શરુ કરી છે.

## જિલ્લા રમત ગમત કચેરી દ્વારા યોજાયેલ

# અંડર-૧૪ અને ૧૯ બાસ્કેટબોલ ટુર્નામેન્ટનું ટાઈટલ સેંટ ઝેવિયર્સ જીત્યુ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લા રમત ગમત કચેરી દ્વારા જિલ્લા કક્ષાની છોકરાઓની અંડર-૧૪ અને ૧૯ બાસ્કેટબોલ



ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. ફાઈનલમાં અંડર-૧૪ અને ૧૯માં સેંટ ઝેવિયર્સ સ્કુલ વિજેતા બની હતી.

સેકટર-૮માં આવેલી સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલમાં ગાંધીનગર જિલ્લા રમત ગમત કચેરી દ્વારા જિલ્લા કક્ષાની છોકરાઓ માટેની અંડર-૧૪ અને ૧૯ની બાસ્કેટબોલ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. બાસ્કેટબોલ ટુર્નામેન્ટમાં જિલ્લા અને શહેરની ૯ ટીમોએ ભાગ લીધો હતો.

અંડર-૧૪ ફાઈનલ મેચ સેંટ ઝેવિયર્સ અને સ્વામિનારાયણ ધામ સ્કુલ વચ્ચે યોજાઈ હતી. જેમાં સેંટ ઝેવિયર્સની ટીમે ચાર પોઈન્ટ મેળવી ૪-૦થી વિજય મેળવ્યો હતો. આ ટીમમાં રાજ સોલંકી, હાર્દિલ વોરા, જય પટેલ, રિશી પટેલ, દેવ પટેલ, દિપ્તાંશુ મંકોડી, સ્મિત પટેલ, દિવ્યરાજ ચાવડા, પ્રિત પટેલ, ભવ્ય પટેલ, રાહિલ શાહ અને અદિત પટેલ હતા.

તેમજ અંડર-૧૯ ફાઈનલમાં માઉન્ટ કાર્મેલ અને સેંટ ઝેવિયર્સ ટકરાઈ હતી. ફાઈનલમાં પ્રથમ માઉન્ટ કાર્મેલ સ્કુલ આગળ ચાલતી હતી ત્યારે ટુર્નામેન્ટમાં અચાનક વળાંક આવ્યો હતો અને હાફ ટાઈમ સુધી પાછળ રહેલી સેંટ ઝેવિયર્સની ટીમે ટકકર આપતા ૧૫-૫થી ટુર્નામેન્ટ જીતી લીધી હતી. ટીમમાં મીત શાહ, ધ્રુવ ઠકકર, દેવર્ષ જાની, વેદાંગ પટેલ, કુંજ ભુપતકર, જય ચૌહાણ, હર્ષરાજ ગોહિલ, મનન ભટ્ટ, રીધમ શાહ, યશ મિસ્ત્રી અને યશ મહેતા સામેલ હતા.

સેંટ ઝેવિયર્સના વિદ્યાર્થીઓએ અંડર-૧૪ અને ૧૯ બાસ્કેટબોલ ટુર્નામેન્ટની ફાઈનલ ટાઈટલ જીતતા વ્યાયામ શિક્ષક કિરણ મેકવાન, કોચ રામક્રિષ્ન પંડિત, જતિન ભાવસાર અને બંને ટીમના ખેલાડીઓને પ્રિન્સીપાલ ફાધર હેકટર પીન્ટોએ અભિનંદન પાઠવ્યા છે.

# નભોઈ નર્મદા કેનાલમાં ઝંપલાવી ૨૨ વર્ષીય યુવાનનો આપઘાત

## નરોડા વિસ્તારના યુવાને કરેલા આપઘાત પાછળ પ્રેમ પ્રકરણ હોવાની આશંકા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક નભોઈ નર્મદા કેનાલ પાસે પહોંચીને નરોડાના ૨૨ વર્ષીય યુવાને તેના મિત્રને ફોન કર્યો અને કહ્યું કે હું આપઘાત કરું છુ. આટલું કહીને યુવાને કેનાલમાં ઝંપલાવી મોતને વ્હાલું કરી દીધું હતું. ઘટનાની જાણ ઈન્ફોસિટી પોલીસને થતા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને યુવાનનો મૃતદેહ બહાર કઢાવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ કરતા -ાથમિક તબક્કે -ેમ -કરણ આપઘાત પાછળ કારણભૂત હોય તેવું જાણવા મળ્યું છે.

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાં રહેતા ૨૨ વર્ષીય કૃપાલ રજનીકાંતભાઈ પંચાલ નામના યુવાને ગત સાંજે ઓફીસથી છુટીને નભોઈ નર્મદા કેનાલ પાસે પહોંચી બાઈક પાર્ક કરીને તેના મિત્રને ફોન કર્યો હતો અને ફોનમાં કહ્યું હતું કે હું આપઘાત કરું છુ. મિત્રએ પરિવારજનોને અને પોલીસને જાણ કરતા પોલીસ તથા પરિવારજનો અને મિત્રો પણ કેનાલ પાસે પહોંચી ગયા હતા. પરંતુ ત્યાં માત્ર બાઈક જ પડ્યું હતું. સવારે કૃપાલનો મૃતદેહ તરતો દેખાતા મૃતદેહ બહાર કઢાવી ઈન્ફોસિટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ માટે મોકલી આપ્યો હતો. -ાથમિક તપાસમાં યુવાને -ેમ -કરણમાં આપઘાત કર્યો હોવાનું બહાર આવ્યું છે.

## પાલનપુરમાં પાંચ દારૂડીયા કારમાંથી ઝડપાયા

પાલનપુર શહેરમાં દેશી-વિદેશી દારૂના જુગારની બદીને અટકાવવા જિલ્લા પોલીસ વડાની સૂચનાથી પોલીસ દ્વારા પાલનપુરમાં વાહનચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ભાજપનું પ્રતિક કમળ દોરેલી કારની તપાસ કરતા ચાર દારૂની બોટલ સાથે પાંચ દારૂડીયાઓને પોલીસે ઝડપી પાડ્યા હતા. બનાસકાંઠા જિલ્લાના પોલીસ વડા ડી.બી. વાઘેલાની સૂચનાથી શહેરમાં વધતી જતી દારૂ-જુગારની બદીને અટકાવવા પોલીસ સમગ્ર પાલનપુર વિસ્તાર વાહનચેકીંગ હાથ ધર્યુંહતું. દરમિયાન પાલનપુર હાઈ-વે પરથી પસાર થતી ભાજપના પ્રતિક કમળ દોરેલી બુલેરો કાર નંબર જીજે-૧૨-એફ-૧૫૬૫ જિલ્લા એલ.સી.બી.ની ટીમે અટકાવી તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસને વિદેશી દારૂની ૪ નંગ બોટલ મળી આવી હતી.

## વાવેતર થશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પૂર્ણ કરી દેવાઈ છે. જે અન્વયે ૨૧ જુલાઈ અંત સુધીની સ્થિતિમાં ૬૦૨.૧૬ હેક્ટર વિસ્તારમાં રોપાઓની વાવણી કરી દેવાઈ છે. વનવિભાગ દ્વારા વરસાદી દિવસો દરમ્યાન ૫,૭૬,૮૬૮ રોપાઓનું વાવેતર કરી દેવાયું છે. વધુમાં આગામી તા. ૨ ઓગષ્ટના રોજ જિલ્લાકક્ષાના વન મહોત્સવની ઉજવણી અન્વયે શહેરી વિસ્તારમાં પણ રોપાઓનું વિતરણ કરવામાં આવશે. જ્યારે નર્સરી કક્ષાએથી પણ રોપા વિતરણની યોજના અન્વયે પણ વિવિધ રોપાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

## જર્જરિત મકાનો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિગતો મુજબ નિકાલ અંગેની આખી નીતિને હાલ આખરી ઓપ આપવાની કામગીરી ચાલી રહી છે અને ટુંકમાં જ આ નીતિ આખરી થતાં મકાનોના નિકાલની કામગીરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરની આગવી ઓળખ બનનાર મહાત્મા મંદિરના ફેઝ-૨ અંતર્ગત રૂ. ૨૬૦ કરોડ અને સ્વર્ણીમ પાર્ક માટે ૩૬.૫૮ કરોડની ફાળવણી કરાઈ છે. ગિફટસીટીને જોડતા સાબરમતી નદી પર નવો પુલ બનાવવા માટે પણ રૂ. ૬૫.૭૪ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે.

માર્ગ-મકાન મંત્રીશ્રીએ જણાવ્યુંછે કે ગાંધીનગર શહેરમાં આંતર માળખાકીય સુવિધાના કામો તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે. તેમણે આરોગ્ય વિભાગની માંગણીઓ પર વિસ્તૃત ઉત્તર આપ્યો હતો. ગૃહે આજે તેમની આરોગ્ય અને માર્ગ-મકાન વિભાગની માંગણીઓ બહુમતિથી મંજૂર કરી હતી.

**ઓનલાઈન જાહેર નિવિદા નં.૧૩ સને ૨૦૧૪-૧૫ પાટનગર યોજના પેટા વિભાગ નં.૩, સેક્ટર નં.૧૬, ગાંધીનગર.**

ગુજરાત રાજયના રાજયપાલ વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૩, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૨૬૦)ની કચેરીએથી ગાંધીનગર ખાતે સરકારી મકાનના રીનોવેશનના કામ ટેકનીકલ ઓડીટ અને ક્વૉલિટી એન્સ્યોરન્સની સેવા પુરી પાડવાના કુલ-૧ (એક) કામ માટે આવી કામગીરી કરતી અનુભવી અને પ્રતિષ્ઠિત સંસ્થાઓ / ઈન્સ્ટીટ્યુશન પાસેથી ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે.

ગાંધીનગર ખાતે ચાલતા ટેન્ડરના કામો કરારખતની જોગવાઈઓ મુજબ નિરીક્ષણ કરી, સેમ્પલ લઈ માન્ય થયેલ લેબોરેટરીમાં તેનું ટેસ્ટીંગ કરી કામને પ્રમાણિત કરવા અને તે અંગે ઉત્તમ ગુણવત્તા સભર કરવા જરૂરી રીપોર્ટ આપવાના રહેશે.

સદર કામ અમારી વેબસાઈટ www.nprocure.com પર તા. ૨૪/૭/૨૦૧૪થી તા. ૨/૮/૨૦૧૪ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધી જોઈ શકાશે અને ભરી શકાશે.

સદર ટેન્ડરો અત્રેની કચેરીએ તા. ૪/૮/૨૦૧૪ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે ઓનલાઈન ખોલવામાં આવશે અને ઈ.એમ.ડી., ટેન્ડર ફી, બેંક સોલવંશી તેમજ અન્ય સાધનિક દસ્તાવેજ તા. ૪/૮/૨૦૧૪ થી તા. ૧૧/૮/૨૦૧૪ સુધી રજી.પો.એ.ડી.થી મોકલી આપવાના રહેશે.

આ કામના ટેન્ડર ભરવા માટે અમારી ઉપરોક્ત વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૮૧૦/૧૪-૧૫